# અભિનેત્રી પ્રિયંકા ચોપડાએ ચાંચીયામાં રોલમાં જીવ રેડયો

## પ્રિયંકા આ ફિલ્મમાં એક પૂર્વ સમુદ્રી લૂંટારૂનો રોલ કરી રહી છે, જેને ટ્રેલરમાં 'બ્લડી મેરી' તરીકે ઓળખાવવામાં આવી છે

મુંબઈ,
પ્રિયંકા ચોપડા અને કાર્લ અર્બન અભિનિત ફિલ્મ 'દ બ્લફ' નું અધિકૃત ટ્રેલર રિલીઝ થઈ ગયુ છે. પ્રાઈમ વિડિયોએ પોતાના યુટ્યુબ ચેનલ પર બે મિનિટથી વધુ લાંબો આ ટ્રેલર શેર કર્યો છે, જેમાં પ્રિયંકાનો અત્યાર સુધીનો સૌથી ખતરનાક અને શક્તિશાળી અવતાર જોવા મળી રહ્યો છે. જેમાં પ્રિયંકાનો અત્યાર સુધીનો સૌથી ખતરનાક અને શક્તિશાળી અવતાર જોવા મળી રહ્યો છે.ટ્રેલરમાં પ્રિયંકા પોતાની દીકરીને બચાવવા માટે કોઈ પણ હદ સુધી જઈ શકે એવી માતાની ભૂમિકામાં જોવા મળે છે. કાર્લ અર્બનની આગેવાનીમાં કેટલાક લોકો તેનો પીછો કરતા દેખાય છે. આ દરમિયાન પ્રિયંકા નિઃશસ્ત્ર હાથો, ચાકૂ, પથ્થરો અને તલવારથી દુશ્મનો સામે લડતી નજરે પડે છે. ટ્રેલરમાં ભયાનક અથડામણો અને અનેક ડ્રામેટિક દૃશ્યો દર્શાવવામાં આવ્યા છે.પ્રિયંકા આ ફિલ્મમાં એક પૂર્વ સમુદ્રી લૂંટારૂનો રોલ કરી રહી છે, જેને ટ્રેલરમાં 'બ્લડી મેરી' તરીકે ઓળખાવવામાં આવી છે.પ્રિયંકા આ ફિલ્મમાં એક પૂર્વ સમુદ્રી લૂંટારૂનો રોલ કરી રહી છે, જેને ટ્રેલરમાં 'બ્લડી મેરી' તરીકે ઓળખાવવામાં આવી છે. તેનો ભૂતકાળ ફરી સામે આવે છે અને તે એવી લડાઈઓ લડવા મજબૂર બને છે, જેને તે લાંબા સમયથી પાછળ છોડવા માંગતી હતી. પ્રિયંકાનો આ જોશીલો અને નિર્દય અવતાર દર્શકોને ઝંકૃત કરી દે છે.પ્રિયંકા અને કાર્લ અર્બન ઉપરાંત ફિલ્મમાં ટેમુએરા મોરિસન પણ મહત્વની ભૂમિકામાં છે. અમેઝોન એમજીએમ સ્ટુડિયોઝ દ્વારા નિર્મિત અને ફ્રેન્ક ઈ. ફ્લાવર્સ દિગ્દર્શિત ફિલ્મ 'દ બ્લફ' ૨૫ ફેબ્રુઆરીએ પ્રાઈમ વિડિયો પર રિલીઝ થવાની છે.



# દિશા પટાણી અને પંજાબી સિંગર તલવિન્દર ડેટ કરી રહ્યાં હોવાની ચર્ચા

## તલવિંદર હંમેશાં ફેસ પેઈન્ટ સાથે જ દેખા દેવા માટે જાણીતો છે, તેનો પેઈન્ટ વિનાનો નોર્મલ ફેસ ભાગ્યે જ કોઈએ જોયો છે

મુંબઈ,
દિશા પટાણી હવે પંજાબી સિંગર તલવિંદર સાથે ડેટિંગ કરી રહી હોવાની ચર્ચા છે. તાજેતરમાં ક્રિતી સેનનની બહેન નુપૂરનાં લગ્ન ઉદયપુરમાં યોજાયાં હતાં. તે દરમિયાન દિશા અને તલવિંદર હાથમાં હાથ પરોવીને સાથે ફરતાં દેખાયાં હતાં. બંને વચ્ચેની નિકટતા જોતાં તેઓ ડેટિંગ કરી રહ્યાં હોવાનું અનુમાન ચાહકો વ્યક્ત કરી રહ્યા છે. તલવિંદર હંમેશાં ફેસ પેઈન્ટ સાથે જ દેખા દેવા માટે જાણીતો છે. તેનો પેઈન્ટ વિનાનો નોર્મલ ફેસ ભાગ્યે જ કોઈએ જોયો છે. તેનાં અનેક આલ્બમ રીલિઝ થઈ ચૂક્યાં છે અને નવી પેઢીના પંજાબી ગાયકોમાં તે ઝડપથી લોકપ્રિય બન્યો છે. ઉલ્લેખનીય છે કે દિશા પટાણી અને ટાઈગર શ્રોફ વચ્ચે વર્ષો સુધી ડેટિંગ ચાલ્યું હતું. જોકે, દિશા લગ્ન માટે ઉતાવળ કરતી હતી અને ટાઈગર તે માટે તૈયાર ન હતો તેથી બંને વચ્ચે બ્રેક અપ થઈ ગયું હતું.



# ડીપ્રેશનના સમયમાં મને ગર્લફ્રેન્ડ લેખાએ સાચવ્યો: ઈમરાન ખાન

મુંબઈ,
સુપરસ્ટાર આમિર ખાનના ભત્રીજા અને અભિનેતા, ઈમરાન ખાન, હાલમાં તેમની આગામી ફિલ્મ, હેપ્પી પટેલ માટે સમાચારમાં છે. વર્ષોથી ડિપ્રેશનથી પીડાતા ઈમરાન, તાજેતરમાં એક મીડિયા ઈન્ટરવ્યુ દરમિયાન તેમની ગર્લફ્રેન્ડ, લેખા વોશિંગ્ટન વિશે ખુલ્લેઆમ વાત કરી. ઈમરાન ખાને વર્ણન કર્યુ છે કે કેવી રીતે લેખાના બિનશરતી પ્રેમે તેમના જીવનના મુશ્કેલ સમયમાં તેમને સાથ આપ્યો. તેમની પુત્રી ઈમરાએ પણ આમાં તેમનો સાથ આપ્યો.ઈમરાન ખાન માને છે કે લેખાના સાચા પ્રેમને કારણે જ તેઓ ડિપ્રેશનને દૂર કરી શક્યા. લગભગ ૧૧ વર્ષના લાંબા ગાળા પછી, ઈમરાન ખાન હેપ્પી પટેલ સાથે મોટા પડદા પર પાછા ફરી રહ્યા છે. તેઓ છેલ્લે કંગના રનૌત સાથે ફિલ્મ કટ્ટી બટ્ટીમાં જોવા મળ્યા હતા. તાજેતરમાં, હેપ્પી પટેલના પ્રમોશન દરમિયાન, ઈમરાન ખાને ઈન્ટરવ્યુમાં તેમણે તેમની ગર્લફ્રેન્ડ લેખા વોશિંગ્ટન વિશે ખુલ્લેઆમ વાત કરી હતી. તેમણે કહ્યું:"મારા જીવનમાં તે સમયે લેખા અને મારી પુત્રીનો પ્રેમ મેળવવો મારા માટે બેવડી શક્તિ હતી.

# અલ્લુ અર્જુને 'પુષ્પા ૨'નો ડાયલોગ જાપાનીઝ ભાષામાં રજૂ કર્યો ટોક્યોમાં ફિલ્મના પ્રીમિયરમાં તેની સાથે રશ્મિકા મંડન્ના જોવા મળ્યા



મુંબઈ,
અલ્લુ અર્જુન હાલમાં જાપાનના ટોક્યોમાં છે, જ્યાં તેની સુપરહિટ ફિલ્મ 'પુષ્પા ૨: ધ રૂલ'નું પ્રીમિયર થયું હતું. પ્રીમિયર દરમિયાન, અલ્લુ અર્જુને જાપાનીઝ ભાષામાં ફિલ્મના સંવાદ બોલીને જાપાનના લોકોનું દિલ જીતી લીધું. અલ્લુ અર્જુનનો આ વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.અર્જુન આ અઠવાડિયાની શરૂઆતમાં ટોક્યોમાં ફિલ્મના પ્રમોશન માટે પહોંચ્યો હતો, જે જાપાનમાં "પુષ્પા કુનરીન" તરીકે રિલીઝ થઈ રહી છે. અલ્લુ અર્જુન ઉપરાંત, ફિલ્મની મુખ્ય અભિનેત્રી, રશ્મિકા મંદન્ના પણ જાપાનમાં આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. વીડિયોમાં ખીચોખીચ ભરેલું થિયેટર દેખાય છે. પ્રીમિયર દરમિયાન, અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદન્ના સ્ટેજ પર હાજર છે. દરમિયાન, અલ્લુ અર્જુન જાપાનીઝ ભાષામાં ફિલ્મનો સંવાદ બોલે છે, જે ત્યાં હાજર ચાહકોને ઉત્સાહિત કરે છે. તેઓ તાળીઓ પાડે છે અને સીટી વગાડે છે.રશ્મિકા મંદન્ના અને અલ્લુ અર્જુનના વધુ ફોટા પણ ઈવેન્ટમાંથી સામે આવ્યા છે. ફોટામાં, અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદન્ના સ્ટેજ પર ઉભા જોવા મળે છે, ખૂબ ખુશ દેખાઈ રહ્યા છે. વધુમાં, એક ફોટામાં, બંને કલાકારો ફિલ્મનું સિગ્નેચર સ્ટેપ કરતા જોવા મળે છે. બીજા એકમાં, તેઓ બેઠા બેઠા વાતો કરતા જોવા મળે છે.આ ફિલ્મ જાપાનમાં આશરે ૨૫૦ થિયેટરોમાં રિલીઝ થવાની છે, જે જાપાનમાં ભારતીય ફિલ્મ માટે એક નોંધપાત્ર સિદ્ધિ છે.

# કેમેરા સામે આજે પણ હું એ જ ગભરાયેલી છોકરી છું : રાની

## ૧૯૯૦ના પાછળના વર્ષોને તેણે જાદુઈ સમય ગણાવ્યો, જ્યારે ૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં 'સાથિયા'થી તેની કારકિર્દીમાં વળાંક લાવ્યો

મુંબઈ,
૧૯૯૭માં 'રાજા કી આયેગી બારાત'થી સિનેમાની દુનિયામાં પગલું મૂકનાર રાની મુખર્જીએ હવે પોતાની કારકિર્દીનાં ૩૦ વર્ષ પૂર્ણ કર્યા છે. આ અવસરે યશ રાજ ફિલ્મ્સે ઈન્સ્ટાગ્રામ પર રાની દ્વારા લખાયેલ ભાવુક પોસ્ટ શેર કરી, જેમાં તેણે પોતાની યાત્રાની શરૂઆતથી લઈ આજ સુધીના અનુભવ શેર કર્યા છે. તેણે આ પોસ્ટમાં પોતાની નાની શરૂઆત, કામ અને પ્રેમ માટે દર્શકોનો આભાર અને આજે પણ તે કઈ રીતે કેમેરા સામે નર્વસ થઈ જાય છે. તે વિશે વાત કરી છે. રાનીએ લખ્યું કે ઈન્ડસ્ટ્રીમાં ૩૦ વર્ષ વીત્યા એ તેને માનવામાં નથી આવતું, છતાં તેને આજે પણ વધુ કામ માટેની ભુખ અનુભવાય છે.રાનીએ લખ્યું, "ત્રીસ વર્ષ પહેલા હું કોઈ મોટું પ્લાનિંગ લઈને સેટ પર આવી નહોતી. મેં અભિનેત્રી બનવાનું સપનું જોયું નહોતું — સિનેમાએ મને શોધી લીધી. આજે પણ મારી અંદર એ જ ગભરાયેલી યુવતી જીવે છે, જે પહેલી વખત કેમેરા સામે ઊભી રહી હતી અને આશા રાખતી હતી કે ડાયલોગ ભૂલી ન જાઉં અને હું આ જગ્યા માટે જ બની છું."તેણે ઉમેર્યુ કે તે ફિલ્મોમાં ઉત્સુકતા, ડર અને કહાણી પ્રત્યેના ઊંડા પ્રેમ સાથે આવી હતી. 'રાજા કી આયેગી બારાત'માં સ્ત્રીના ગૌરવ માટે લડતી યુવતીની ભૂમિકા ભજવવાથી તેને શીખ મળી કે સિનેમા ગ્લેમર કરતાં પહેલાં એક જવાબદારી છે.૧૯૯૦ના પાછળના વર્ષોને તેણે જાદુઈ સમય ગણાવ્યો, જ્યારે ૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં 'સાથિયા'થી તેની કારકિર્દીમાં વળાંક લાવ્યો. 'હમ તુમ' જેવી ફિલ્મોએ તેને સમજાવ્યું કે સ્ત્રી પાત્રો મજાક મસ્તીભર્યા, તીખા અને સંવેદનશીલ — બધું એક સાથે હોઈ શકે છે. 'બ્લેક' વિશે રાનીએ કહ્યું કે સંજય લીલા ભણસાલી અને અમિતાભ બચ્ચન સાથે કામ કરવાથી તે પોતાની અંદર અજાણી ક્ષમતાઓ શોધી શકી. તેણે લખ્યું, "આજેય બ્લેક મારા જીવનનો સૌથી ભાવનાત્મક અનુભવ છે." તેણે 'બંટી ઔર બબલી', 'નો વન કિલ્ડ જેસિકા' જેવી ફિલ્મોનાં પાત્રોનો ઉલ્લેખ કરતાં કહ્યું કે દુનિયાને પડકારતી સ્ત્રીઓ તરફ તે હંમેશા આકર્ષાય છે અને 'મર્દાની' ફ્રેન્ચાઈઝી તેના દિલની ખૂબ નજીક છે. લગ્ન અને માતૃત્વ વિશે વાત કરતાં રાનીએ લખ્યું કે આ અનુભવોએ તેની ગતિને અસર નથી કરી, પરંતુ વધુ ફોકસ બનાવી છે. 'મિસિસ ચટર્જી વર્સેસ નોર્વે' માટે મળેલા નેશનલ એવોર્ડ અંગે તેણે કહ્યું કે માતા બન્યા પછી આ ભૂમિકા ભજવવી તેમના માટે જીવન બદલનારો અનુભવ રહ્યો.



# ૮ વર્ષ મેં ડિપ્રેશનમાં વિતાવ્યા રશ્મિ દેસાઈએ કર્યો ખુલાસો



મુંબઈ,
રશ્મિ દેસાઈ ટીવીની સૌથી લોકપ્રિય અભિનેત્રીઓમાંની એક છે. તેણીએ ઘણા હિટ ટીવી શોમાં કામ કર્યુ છે અને ઘર-ઘરમાં જાણીતી બની ગઈ છે. તાજેતરના એક ઈન્ટરવ્યુ દરમિયાન, અભિનેત્રીએ પોતાના જીવનના સૌથી પડકારજનક તબક્કા વિશે ખુલાસો કર્યો અને ખુલાસો કર્યો કે તે લગભગ આઠ વર્ષ સુધી ડિપ્રેશન સામે ઝઝૂમતી રહી."ઉત્તરન" અને "દિલ સે દિલ તક" જેવી સિરિયલોમાં પોતાના શક્તિશાળી અભિનયથી દર્શકોના દિલ જીતી લેનારી આ અભિનેત્રીએ સમજાવ્યું કે તેના ભાવનાત્મક ભારણથી તેના માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી હતી, પરંતુ ધીમે ધીમે કામ દ્વારા સંતુલન અને ઉપચાર મળ્યો. તાજેતરના ઈન્ટરવ્યુમાં, રશ્મિએ ખુલાસો કર્યો, "એક સમય હતો જ્યારે હું આઠ વર્ષ સુધી ડિપ્રેશનમાં હતી. મને સ્વસ્થ થવામાં ઘણો સમય લાગ્યો. હું ઘણો બોજ વહન કરી રહી હતી. મને ડિકમ્પ્રેસ થવામાં અને નવી શરૂઆત કરવામાં ઘણા વર્ષો લાગ્યા, અને હવે હું પાછી ટ્રેક પર આવી ગઈ છું. મારું માનવું છે કે તમારે ઉચ્ચ અને નીચું જાતે જ નક્કી કરવું પડશે. તમારી યાત્રા કે તમારા કામનો નિર્ણય કોઈ બીજું નથી લેતું. કામ મને શાંતિ આપે છે. અને તે મારી છટકી જવાની દુનિયા પણ હતી, જે મને ખૂબ મોડેથી સમજાયું. હવે હું બંને બાજુ ખૂબ સારી રીતે કામ કરી રહી છું. અને હું એક સુંદર સંતુલન સ્થાપિત કરી શકું છું.અભિનેત્રીએ વધુમાં કહ્યું કે તેને ઘણા સમય પછી સમજાયું કે કામ તેની સલામત જગ્યા બની ગયું છે, જ્યાં તે પોતાની લાગણીઓ વ્યક્ત કરી શકે છે અને વ્યક્તિગત ઉથલપાથલ વચ્ચે સ્થિરતા મેળવી શકે છે. રશ્મિએ ઘણા રિયાલિટી શોમાં પણ ભાગ લીધો છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ | ઓ | તુ | ર | અ | વા | ફ | બૂ | હા | ગ | ઊ | ર |
| પ્ર | બા | દ | બા | કી | પ્રા | મા | ણિ | ક | સ | બા | મ |
| ઓ | સા | અ | ગી | બં | ગ | ભા | ર | ર | ળ | હિ | ણ |
| ક | ભ | દ | ડી | બં | ભ | રો | તી | સ | મા | સ | ક |
| ર | મ | પ્રા | હિ | ણા | ક | દ | બ | ગ | હિ | ન | બ |
| બિ | રો | ર | મો | ચી | રો | સા | ભો | ત | ળ | રા | બ |
| પ્ર | મા | દ | બં | કા | આ | ણ | લી | ર | બ | સા | બા |
| ઐ | વા | કા | ક્રો | ત | બા | ક | બૂ | ર | લ | ભો | લ |
| ક | અ | લી | ક | ઐ | બૂ | તુ | એ | બ | સ | ત | સ |
| ફ | અં | સ | સા | ભા | ઉ | બૂ | મા | શિ | કા | ન | ભો |
| કા | ર | જ્ઞા | વા | ધ | મા | ઐ | ર | દ | ઈ | ર | ણે |
| ક | સા | જ | અ | ળ | સા | ર | વા | ગી | કા | લ | લ |

શબ્દ શોધો
પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા